1684
20-05-17

**ખેતી વિષયક વીજ જોડાણમાં વધારાનો વીજ ભાર વિનિયમિત કરવા માટેની ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના ૨૦૧૭ અમલમાં મુકવા બાબત**

ગુજરાત સરકાર,
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક : જીયુવી/૨૦૧૭/૧૦૨૫/ક-૧
સચિવાલય,ગાંધીનગર.
તારીખ : 17 MAY 2017

Inword No.: 18461
Date: 19-05-17
MD Cell, PGVCL, Rajkot,

**વંચાણે લીધા :**

(૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા.૦૧/૦૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: જીયુવી/૨૦૧૭/૧૦૨૫/ક-૧

**સુધારા ઠરાવ:-**

વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તા.૦૧/૦૫/૨૦૧૭ના ઠરાવથી ખેતી વિષયક વીજ જોડાણમાં વધારાનો વીજભાર વિનિયમિત કરવા માટેની ખેતી વિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના ૨૦૧૭ અમલમાં મુકવામાં આવેલ છે, જે ઠરાવના પ્રકાર-અ નાં નંબર (૪) અને (૫) તથા પારા નંબર-૪ માં નીચે મુજબનો સુધારો આથી ઠરાવવામાં આવે છે.

**પ્રકાર-અ (૪)**

સર્વે કર્યા બાદ વીજકંપનીએ પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે ગ્રાહકને એસ્ટીમેટ (અંદાજીત થનાર ખર્ચ) આપવાનો રહેશે તેના બદલે,

સર્વે કર્યા બાદ વીજકંપનીએ પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે ગ્રાહકોને નિયત ભાવ પત્રક આપવાનો રહેશે તેમ વાંચવુ.

**પ્રકાર-અ (૫)**

CE(1) 1885

એસ્ટીમેટ મળ્યાના એક માસમાં ગ્રાહકે નાણાં ભરપાઇ કરવાના રહેશે. ત્યાર બાદ કોઇ પણ સંજોગોમાં નાણાં ભરવા માટેની સમયમર્યાદા વધારી આપવામાં આવશે નહી. જો સમયમર્યાદામાં ગ્રાહક નાણાં ભરપાઇ ન કરે તો આ યોજનાનો લાભ મેળવી શકે નહી અને વીજ વિતરણ કંપનીએ નિયત થયેલ ધારાધોરણ મુજબ કાર્યવાહી હાથ ધરવાની રહેશે તેમ જણાવેલ છે તેના બદલે.

નિયત ભાવ પત્રક મળ્યાના એક માસમાં ગ્રાહકે નાણાં ભરપાઇ કરવાના રહેશે. ત્યાર બાદ કોઇ પણ સંજોગોમાં નાણાં ભરવા માટેની સમયમર્યાદા વધારી આપવામાં આવશે નહી. જો

Ronak Modi

DEE(T) SE(T) FAX - 822 DE MIS



FROM :EPD\CR FAX NO. :07923250797 18 May 2017 13:16 P 001

સમયમર્યાદામાં ગ્રાહક નાણાં ભરપાઇ ન કરે તો આ યોજનાનો લાભ મેળવી શકે નહી અને વીજ વિતરણ કંપનીએ નિયત થયેલ ધારાધોરણ મુજબ કાર્યવાહી હાથ ધરવાની રહેશે તેમ વાંચવુ.

પારા-૪

એસ્ટીમેટ (અંદાજીત થનાર ખર્ચ) ભરાઇ ગયા બાદ ગ્રાહકે એગ્રીમેન્ટ કરી ટેસ્ટ રીપોર્ટ રજૂ કરવાનો રહેશે. ત્યાર બાદ વીજ વિતરણ કંપનીએ ટેકનીકલ અને સબંધિત રેકોર્ડ અંગેની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. આ કામગીરી પૂર્ણ થયા બાદ અરજીની તારીખથી વીજભાર વધારો મંજૂર રાખવાનો રહેશે તેમ જણાવેલ છે તેના બદલે,

નિયત ભાવ પત્રકની રકમ ભરપાઈ થઈ ગયા બાદ ગ્રાહકે એગ્રીમેન્ટ કરી ટેસ્ટ રીપોર્ટ રજૂ કરવાનો રહેશે. ત્યાર બાદ વીજ વિતરણ કંપનીએ ટેકનીકલ અને સબંધિત રેકોર્ડ અંગેની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. આ કામગીરી પૂર્ણ થયા બાદ અરજીની તારીખથી વીજ ભાર વધારો મંજૂર રાખવાનો રહેશે તેમ વાંચવુ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.સી.પટેલ)
નાયબ સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. ઉર્જામંત્રીશ્રીનાં અંગતસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન .રા.ક. મંત્રીશ્રી (ઊર્જા)નાં અંગતસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સૂરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- શાખા સીલેક્ટ ફાઇલ - સંબંધિત નાયબ સેકશન અધિકારી અંગત ફાઇલ

Ronak Modi



18 May 2017 13:16 P 002 FAX NO. :07923250797 FROM :EPD\CR